# ભાવનગરમાં પાણીની વિકટ પરિસ્થિતિ

ભાવનગર, શનિવાર

ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ભાવનગરમાં પાણીની વિકટ પરિસ્થિતિ ઉભી થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

ભાવનગર શહેરમાં છેલ્લા પાંચ મહિનાથી પીવાના પાણીની સમસ્યા ઉદ્‌ભવી છે. મહાપાલિકાના શાસકોની ઢીલી નીતિને કારણે આગામી દિવસોમાં પાણી અંગે વિકટ સ્થિતિનો સામનો કરવો પડે તેવી સ્થિતિનું સર્જન થયું છે.

ભાવનગર શહેરની પાણીની સમસ્યા નિવારવા માટે તરસમીયા ફિલ્ટર પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પાલિકાના પૂર્વ મેયર અને સ્ટેન્ડીંગ ચેરમેને બેસતા વર્ષના દિવસે જ આ પ્લાન્ટ ભાવેણાની જનતાને સમર્પિત કરવાનું સપનું સેવ્યું હતું, પરંતુ દિવાળી પછીના પાંચ મહિના પસાર થઈ જવા આવ્યા છતાં પ્લાન્ટ કાર્યરત થવાના ઠેકાણા નથી.

## પૂર્વ મેયર દ્વારા બેસતા વર્ષથી ભાવેણાવાસીઓને ફિલ્ટ્રેશન દ્વારા પાણી આપવાની વાતને પાંચ મહિના થવા છતાં પરિસ્થિતિ જૈસે થે

પાલિકાની પેટા ચૂંટણી સમયે પાલિકાના શાસકોએ લોકાર્પણ માટેનું મુહુર્ત શોધી કાઢ્યું હતું, પરંતુ આખરે પાણીના પ્રશ્ને શાસકો પાણીમાં બેસી ગયા છે.

પાલિકામાં ચર્ચાતી વાત મુજબ તરસમીયા પ્લાન્ટ પાછળ કરોડો રૂપિયાનું પાણી કરવામાં



આવ્યું છે છતાં ભાવેણાને વધારાનું એક ટીપું પણ પાણી મળનાર નથી, માત્ર પાણી વિતરણ વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો થશે. પાલિકા દ્વારા જો યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં શહેરમાં બેડાયુદ્ધ જેવી સ્થિતિનું સર્જન થશે.

### એરલાઈન્સોમાં ટિકિટ બુક કરાવતી વેળા

## એર ટિકિટ ટ્રાન્ઝેક્શન ફી ટૂંકમાં નહીં ચૂકવવી પડે

### ટ્રાવેલ એજન્ટો ફી નહીં લે તેની ખાતરી કરવા સૂચન એરલાઈન્સો એજન્ટોને કમિશન ચૂકવે એવી સૂચના

મુંબઈ, શનિવાર

ચ ા ` ક્ક ર ા એરલાઈન્સોમાં અનો ખાસ કરીનો વિદેશની એરલાઈન્સોમાં ટીકીટ બુક કરાવતી વેળા ટ્રાવેલ એન્જટોનો વિમાની યાત્રીઓ દ્વારા ચૂકવવામાં આવતી ટ્રાન્ઝેક્શન ફી હવે ટૂંકમાં જ નહીં આપવી પડે તોવી તૈયારી કરી લેવામાં આવી છે. સરકાર વિમાની યાત્રીઓને રાહત આપવા માટે કમર કસી રહી છે.

નાગરિક ઉડ્ડયનના ડિરેક્ટર જનરલ નસીમ જૈદીએ આદેશ જારી કરીને બે ફેરફારો કરવા માટે હાકલ કરી છે. વિમાનની ટીકીટનું બુકિંગ કરાવતી વેળા કસ્ટમરો પાસેથી લેવામાં આવતા ટ્રાન્ઝેક્શન ફીના ચાર્જને એજન્ટો ન લે તોની ખાતરી કરવા આમા સલાહ આપવામાં આવી છે. એરલાઈન્સોમાં ટિકિટ બુક કરાવતી વેળા એજન્ટો દ્વારા લેવાતી ફીને લઈને ભૂતકાળમાં પણ વિવાદ થતો રહ્યો છે. બીજા આદેશમાં જૈદીએ કહ્યું છે કે, એજન્ટોને કમિશન ચૂકવવાનું બંધ કરી દેનાર એરલાઈન્સોને આ પ્રક્રિયા ફરી શરૂ કરવી જોઈએ. આ રીતે એજન્ટ ટ્રાન્ઝેક્શન ફીના સ્વરૂપમાં વિમાની પ્રવાસી ઉપર વધારાનો બોજ નાંખી શકશે નહીં. કેએલએમ, નોર્થ વેસ્ટ એરલાઈન્સ, એરફ્રાન્સ, કતાર એરવેઝ, સિંગાપોર એરલાઈન્સ, લુકસાના, એર કેનેડા, કોન્ટિનેન્ટલ એરલાઈન્સ અને જાપાન એરલાઈન્સ જેવી એરલાઈન્સોએ નવેમ્બર ૨૦૦૮માં ટ્રાવેલ એજન્ટોને કમિશનની ચૂકવણી કરવા બંધ કરવાનો નિર્ણય કર્યા બાદ એજન્ટોએ ફી ચાર્જ કરવાની શરૂઆત કરી હતી. આને લઈને પ્રવાસીઓ ઉપર બિનજરૂરી બોજ આવ્યો હતો.

ઓસ્ટ્રિયન, ડેલ્ટા અને બ્રિટિશ એરવેઝ જેવી અન્ય એરલાઈન્સોએ પણ મોડેથી ઉપરોક્ત એરલાઈન્સોની જેમ ફેંસલો કર્યો હતો. એજન્ટોને આ એરલાઈન્સની ટીકીટ બુક કરાવતી વેળા ટ્રાન્ઝેક્શન ફી ચૂકવવા કસ્ટમરોને હવે આ પ્રક્રિયાથી ઓછું વિમાનીભાડુ ચૂકવવું પડશે. ટ્રાવેલ એજન્ટોએ આ અંગે કોઈ સ્પષ્ટ પ્રતિક્રિયા કરી નહોતી. પરંતુ જો એરલાઈન્સો એજન્ટોને કમિશન ચૂકવશે તો આ દિશામાં વિચારણા કરશે.

### છેલ્લા બે વર્ષમાં કલામ ૨૦થી ૨૫ વખત વિદેશ ગયા

## કલામના વારંવારના વિદેશ પ્રવાસથી તિજોરી પર બોજ

### ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, પૂર્વ ઉપરાષ્ટ્રપતિના વિદેશીપ્રવાસની સંખ્યા મર્યાદિત કરવા ટૂંકમાં નવા ધારાધોરણની તૈયારી

નવી દિલ્હી, શનિવાર

ભૂતાપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની વારંવારની વિમાનયાત્રાને કારણે તિજોરી ઉપર ભારે બોજ પડ્યો હતો. આ બાબતાની નોંધ લઈને સરકાર હવે ભૂતાપૂર્વ હસ્તિઓના વિદેશપ્રવાસની સંખ્યાને મર્યાદિત કરવા ધારાધોરણ રજૂ કરવા ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. ભૂતાપૂર્વ હસ્તિઓની વિદેશયાત્રા દરમિયાન સુરક્ષા સાથે સંબંધિત ખર્ચ ઉપરાંત અન્ય જુદા જુદા ખર્ચ પણ મોટાપાયે થઈ જાય છે. અબ્દુલ કલામની વિદેશમાં ભારે માંગ રહી છે. જેથી તેઓ વારંવાર જુદા જુદા કારણોસર વિદેશમાં ગયા છે. વર્ષ ૨૦૦૭માં રાષ્ટ્રપતિભવન છોડી દીધા બાદથી જ કલામ વિદેશમાં લેક્ચર આપવા માટે વારંવાર ગયા છે. આ ઉપરાંત તેમના પુસ્તાકો ઉપર વાતાચીત કરવા માટે પણ કલામ વારંવાર ગયા છે. એક મહિનામાં સરેરાશ એક પ્રવાસ કલામે કર્યો છે. સરકારને વિદેશમાં ભૂતાપૂર્વ રાષ્ટ્રપતિના એક દિવસના ખર્ચરૂપે સુરક્ષા ઉપર એક હજાર ડોલરનો ખર્ચ કરવો પડ્યો છે. આવા વિદેશી પ્રવાસો ઉપર બ્રેક મૂકી શકાય છે કે કેમ તોવી ગણતારી સરકારે હાથ ધરી છે. ગૃહમંત્રાલય સાથે મળીને વડાપ્રધાનની કચેરીએ વાતાચીત શરૂ કરી દીધી છે. ભૂતાપૂર્વ રાષ્ટ્રપતિ અને ભૂતાપૂર્વ ઉપરાષ્ટ્રપતિના વિદેશ પ્રવાસની સંખ્યા અંગે માર્ગદર્શિકા ઘડી કાઢવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે, એક વર્ષમાં તોમની યાત્રા ઘટાડીને છ કરી દેવામાં આવે તોવી શક્યતા છે. નવી દરખાસ્ત મુજબ ભલામણની મર્યાદા કરતાં વધુ વિદેશપ્રવાસ કરનારને સુરક્ષાખર્ચ ઉપાડવા માટે કહેવામાં આવશે. વિંગ્સ ઓફ ફાયરના લેખક કલામની લેક્ચર સર્કિટમાં ભારે બોલબાલા રહી છે. સ્કૂલ અને યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓમાં તેઓ ખૂબ લોકપ્રિય છે. વિશ્વભરની ૩૦ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ તરફથી તેઓ પ્રતિષ્ઠિત ડોક્ટોરેટનું સન્માન મેળવી ચૂક્યા છે.